RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 324, Dt.7-4-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સપ્તાહના પ્રારંભે જ શેરબજારમાં ભૂકંપ

## સેન્સેક્સમાં ૩૧૦૦ તો નીફટીમાં ૧૦૦૦ પોઈન્ટનો મહાકાય કડાકોઃ ૧૯ લાખ કરોડ સ્વાહાઃ રોકાણકારો સ્તબ્ધ સમગ્ર વિશ્વના શેરબજારો ઉંધામાથે પછડાયાઃ ટ્રમ્પ ટેરિફથી ઈન્વેસ્ટરો–સરકારોમા માતમ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

સોમવારે શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો. સવારે ખુલતાની સાથે જ સેન્સેક્સ ૩૦૦૦ પોઈન્ટથી વધુ ઘટયો. નિફ્ટીમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો. નિફ્ટીમાં ૧૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો. આ ઉપરાંત સોમવારે એશિયન બજારો પણ તૂટી પડ્યા હતા. બજારમાં આ ઘટાડો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફને કારણે થયો છે. ટેરિફને કારણે, ચીને પણ અમેરિકન માલ પર ટેરિફ લાદીને બદલો લીધો છે. આના કારણે વિશ્વમાં વેપાર યુદ્ધ વધ્યું છે.

શુક્રવારે સેન્સેક્સ ૭૫,૩૬૪.૬૯ પર બંધ થયો હતો. સોમવારે તે ૭૧,૪૪૯.૯૪ પોઈન્ટ પર ખુલ્યો. આવી સ્થિતિમાં, તે ૩,૯૧૪.૭૫ પોઈન્ટ સાથે ખુલ્યો. શુક્રવારે નિફ્ટી ૨૨,૯૦૪ પોઈન્ટ પર બંધ થયો હતો. સોમવારે, તે ૧,૧૪૫.૬ પોઈન્ટ ઘટીને ૨૧,૭૫૮.૪૦ પર ખુલ્યો. આ ઘટાડાને કારણે, ઈજીઊ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૧૯.૪ લાખ કરોડ રૂપિયા ઘટીને ૩૮૩.૯૫ લાખ કરોડ રૂપિયા થયું.

શેરબજારમાં ટ્રેડિંગની શરૂઆતમાં, ગ્સ્ચ સેન્સેક્સ ૭૧,૪૪૯ પર ખુલ્યો, જે તેના અગાઉના બંધ ૭૫,૩૬૪.૬૯ ની તુલનામાં ખરાબ રીતે ઘટયો, જ્યારે ફલ્ચ નિફ્ટીએ ૨૧૭૫૮ પર ટ્રેડિંગ શરૂ કર્યું, જે તેના અગાઉના બંધ ૨૨,૯૦૪ ની તુલનામાં ઘટયો. આ પછી, બંને સૂચકાંકો થોડા સમયમાં વધુ ઘટયા, જ્યાં નિફ્ટી-૫૦ ૧૦૦૦ પોઈન્ટ ઘટીને ૨૧,૭૪૩ પર પહોંચી ગયો, જ્યારે સેન્સેક્સ ૭૧,૪૨૫ ના સ્તરે ટ્રેડ થતો જોવા મળ્યો.

**રિલાયન્સથી ટાટા સુધીના શેરમાં કડાકો**

શરૂઆતના કારોબારમાં, ઈજીઊ લાર્જ-કેપ ઈન્ડેક્સ સંપૂર્ણપણે લાલ દેખાયો. બધી ૩૦ મોટી કંપનીઓના શેર ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈને ટ્રેડ થઈ રહ્યા હતા. આ દરમિયાન, સૌથી મોટો ઘટાડો ટાટા સ્ટીલના શેરમાં આવ્યો અને તે ૧૦.૪૩ ટકા ઘટીને રૂ. ૧૨૫.૮૦ પર આવી ગયો. આ ઉપરાંત, ટાટા મોટર્સનો શેર (૮.૨૯%), ઈન્ફોસિસનો શેર (૭.૦૧%), ટેક મહિન્દ્રાનો શેર (૬.૮૫%), કઝ શેર (૬.૧૯%),



ઈઈક ટેક શેર (૫.૯૫%), અદાણી પોર્ટ્સનો શેર (૫.૫૪%), ઝઈજનો શેર (૪.૯૯%), રિલાયન્સનો શેર (૪.૫૫%) અને ગઝઙઈનો શેર (૪.૦૪%) નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. મિડકેપ અને સ્મોલકેપ પણ ખરાબ હાલતમાં સોમવારે લાર્જ કેપ્સની જેમ મિડકેપ અને સ્મોલકેપ શેરોએ પણ આવી જ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. મિડકેપમાં ઙજઈ શેર (૭.૯૪%), ભારત ફોર્જ શેર (૭.૮૬%), કોફોર્જ શેર (૭૧૭%), મઝગાંવ ડોક શેર (૭%), એમકયુર ફાર્મા શેર (૬.૭૭%)નો સમાવેશ થાય છે. છટગક શેર (૬%) અને સુઝલોન શેર (૬.૭૪%) નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. સ્મોલકેપ શેરોમાં, ઉંઝક ઈન્ડિયાએ મહત્તમ ૧૩% ઘટાડો નોંધાવ્યો.

ભારત ઉપરાંત, અન્ય એશિયન બજારોમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે. મંદીના ભયે હોંગકોંગ અને ચીનના શેરબજારોને પણ ત્રાટકયા. હોંગકોંગનું હેંગ સેંગ બજાર ખુલતાની સાથે જ ૧૦% થી વધુ ઘટયું, જે ૨૦૦૮ ના આર્થિક સંકટ પછીનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો છે. ચીનનો ઈજઈ૩૦૦ બ્લુ ચિપ ઈન્ડેક્સ પણ ૫% થી વધુ ઘટયો. ચીનનું ચલણ યુઆન પણ જાન્યુઆરી પછીના સૌથી નીચા સ્તરે આવી ગયું.

ટોકયોનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ પણ શરૂઆતના વેપારમાં લગભગ ૯% ઘટયો હતો. સૌથી મોટો ઘટાડો બેંક શેરમાં થયો છે. આમાં ૧૭ ટકા સુધીનો ઘટાડો થયો છે. ઓક્ટોબર ૨૦૨૩ પછી પહેલી વાર, નીફટી ૩૦,૭૯૨.૭૪ પોઈન્ટ પર ગગડી ગયો. વ્યાપક ટોપિક્સ પણ ૮% ઘટયો. ઓસ્ટ્રેલિયામાં, બ્લુ ચિપ શેરોની એક ટોપલી, જી/અજી ૨૦૦, પણ ૬.૦૭% ઘટીને ખુલ્યો. દક્ષિણ કોરિયામાં કોસ્પી ઈન્ડેક્સ ૪.૩૪% ઘટીને ખુલ્યો. આ અચાનક ઘટાડા પાછળ અનેક કારણો છે. આમાંથી કેટલાક આંતરરાષ્ટ્રીય છે અને કેટલાક સ્થાનિક છે. અમેરિકાના ટેરિફને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર યુદ્ધનો ભય ફરી વધ્યો છે. યુએસ માર્કેટમાં નબળાઈ છે અને યુએસ સ્ટોક ફ્યુચર્સ પણ ઘટી રહ્યા છે. આ બધા કારણોસર રોકાણકારોમાં ભયનું વાતાવરણ છે.

શુક્રવારે પણ શેરબજાર ઘટાડા સાથે બંધ થયું હતું. શુક્રવારે, સેન્સેક્સ ૯૩૦ પોઈન્ટ ઘટીને ૭૫,૩૬૪ પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી ૩૪૫ પોઈન્ટ ઘટીને ૨૨,૯૦૪ પર બંધ થયો. નિષ્ણાતોના મતે, અમેરિકા દ્વારા અપેક્ષા કરતાં વધુ ટેરિફ લાદવાથી વૈશ્વિક બજારો પર ભારે અસર પડી અને વેચવાલી વધી. તે જ સમયે, ટેરિફના કારણે યુએસ બોન્ડ યીલ્ડ અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો છે, જે સંભવિત આર્થિક મંદી અને મંદીના વધતા જોખમ અંગે ચિંતા દર્શાવે છે.

# દેશમાં ૩૯.૨ ટકા બેન્ક ખાતા મહિલાઓના નામેઃ છેલ્લા કેટલાક વર્ષોમાં ડીમેટ ખાતામાં વૃદ્ધિ


## ગ્રામીણ ક્ષેત્રમાં મહિલાઓના બેન્ક ખાતાનું પ્રમાણ ૪૨.૨ ટકા : સરકારી રિપોર્ટમાં ખુલાસો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ૩૯.૨ ટકા બેન્ક ખાતા મહિલાઓ પાસે છે અને ગ્રામીણ ક્ષેત્રોમાં આ પ્રમાણ ૪૨.૨ ટકા છે. એક સરકારી રિપોર્ટથી આ જાણકારી બહાર આવી છે. આંકડા અને કાર્યક્રમ કાર્યાન્વયન મંત્રાલયે રવિવારે ભારતમાં મહિલા અને પુરુષ ૨૦૨૪: પસંદ કરેલ સૂચિત અને આંકડા શીર્ષકથી પોતાના પ્રકાશનના ૨૬માં સંસ્કરણને બહાર પાડયું છે.

આ પ્રકાશન ભારતમાં લૈંગિક સિનારિયોનું એક વ્યાપક અવલોકન રજૂ કરે છે. જેમાં વસ્તી, શિક્ષણ, સ્વાસ્ત્ય, આર્થિક ભાગીદારી અને નિર્ણય જેવા મુખ્ય ક્ષેત્રોમાં પસંદગીના સૂચક અને આંકડા રજૂ કર્યા છે.

આ આંકડા વિભિન્ન મંત્રાલયો/વિભાગો/સંગઠનો પાસેથી મેળવાયા છે. મંત્રાલયના નિવેદન મુજબ રિપોર્ટમાં બતાવવામાં આવ્યુ છે કે, મહિલાઓ પાસે બધા બેન્ક ખાતાના ૩૯.૨ ટકા ભાગ છે, જયારે કુલ જમામાં તેમનું યોગદાન ૩૯.૭ ટકા છે. ગ્રામીણ ક્ષેત્રોમાં તેમની ભાગીદારી સૌથી વધુ છે, જયારે કુલ બેન્ક ખાતામાં તેમનો ભાગ ૪૨.૨ ટકા છે. ડીમેટ ખાતામાં ઝડપી ગ્રોથઃ આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ડીમેટ ખાતામાં વૃદ્ધિ થવી શેરબજારમાં લોકોની વધતી ભાગીદારીને દર્શાવે છે.



૩૧ માર્ચ ૨૦૨૧થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધી ડીમેટ ખાતાની કુલ સંખ્યા ચાર ગણાથી વધુ થઈને ૩.૩૨ કરોડથી વધીને ૧૪.૩૦ કરોડ થઈ ગઈ છે. પુરુષ ડિમેટ ખાતાધારકોની સંખ્યા સતત મહિલા ખાતાધારકોથી વધુ રહી છે, પરંતુ મહિલા ભાગીદારીમાં પણ વધારો જોવા મળ્યો છે.

# આજથી બે દિવસ સુધી હીટવેવની આગાહી

## કચ્છમાં રેડ એલર્ટ,રાજકોટ તથા મોરબીમાં ઓરેન્જ એલર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુર્યદેવ રાજયભરમાં અગનગોળો વરસાવી રહયાં છે. રાજ્યમાં વધતી ગરમી લોકોને ગરમાવી રહી છે. ત્યારે વધુ ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે સાથો સાથ રાજ્યના વિવિધ વિસ્તારોમાં હિટવેવનું એલર્ટ પણ આપવામાં આવ્યું છે.આ અઠવાડીયામાં તાપ ગરમીમાં બિલકુલ રાહત મળવાની નથી. હવામાન વિભાગ જણાવે છે કે અમુક સેન્ટરોમાં તાપમાન ૪૫ ડીગ્રીને પણ વટાવી જશે.

અપ્રિલના પ્રારંભમાં જ ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓમાં હીટવેવની આગાહી કરી છે. આગામી ૯ તારીખ સુધી હીટવેવની આગાહી કરવામાં આવી છે. કચ્છમાં રેડ એલર્ટ, રાજકોટમાં ઓરેન્જ એલર્ટ અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તો ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર તેમજ સુરેનૂદ્રનગર, જૂનાગઢમાં યલો એલર્ટ અપાયુ છે.

દરમિયાન રાજયમાં ગઈકાલના મહતમ તાપમાનના આંકડા જોઈએ તો સુરેનૂદ્રનગર ૪૪.૨ ડિગ્રી, અમદાવાદ ૪૩.૦ ડિગ્રી, અમરેલી ૪૨.૯, વડોદરા ૪૧.૮ ડિગ્રી, ભાવનગર ૪૦.૪ ડિગ્રી, ભુજ ૪૩.૦ ડિગ્રી, ડીસા



૪૩.૩ ડિગ્રી, દીવ ૩૯.૧ ડિગ્રી, દ્વારકા ૩૨.૪ ડિગ્રી, ગાંધીનગર ૪૨.૫ ડિગ્રી, જામનગર ૩૬.૬ ડિગ્રી, કંડલા ૪૦.૮ ડિગ્રી, નલિયા ૩૮.૬ ડિગ્રી, ,ઓખા ૩૩.૪ ડિગ્રી, પોરબંદર ૩૭.૭ ડિગ્રી, રાજકોટ ૪૩.૯ ડિગ્રી, સુરત ૪૦.૮ ડિગ્રી, વેરાવળ ૩૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આમ, રાજકોટ શહેરનું તાપમાન ગુજરાતભરમાં સૌથ ઉંચુ નોંધાયેલ.

# વિશ્વ વ્યાપાર અને અર્થતંત્રો અનિશ્ચિતતાની સ્થિતિમાં ધકેલાયા

## બ્રિટને ટેરીફ સામે ટેરીફ નીતિ જાહેર કરી : યુરોપીયન સંઘની પણ મહત્વની બેઠક શરૂ

**મુખ્ય સમાચાર,લંડન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેડેલા ટેરીફ વોટમાં જયારે સમગ્ર વિશ્વ વ્યાપાર અને અર્થતંત્રો પણ અનિશ્ચિતતાની સ્થિતિમાં ધકેલાયા છે તે સમયે ખુદ ટ્રમ્પ તેમના નિશ્ચિત શેડયુલ મુજબ ફલોરીડામાં તેમના ગલ્ફ કોર્પ પર આ સ્ટીક-બોલની રમતનો આનંદ માણી રહ્યા છે અને વિશ્વમાં હવે અનેક દેશો જેને ટ્રમ્પના ટેરીફથી સૌથી વધુ સહન કરવાનું છે.

તેઓ પોતાની પોઝીશન પણ બનાવવા લાગ્યા છે અને અમેરિકી ટેરીફથી હવે મંદીના ભણકારા પણ શરૂ થયા છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર હવે તેના જૂના દોસ્ત અમેરિકા સામે નવી રણનીતિ તૈયાર કરી છે અને આવતીકાલે તેની જાહેરાત કરશે. તેઓએ કહ્યું હતું કે બીજા વિશ્વયુદ્ધ બાદ વૈશ્વિકરણ (ગ્લોબલાઈઝેશન)ની સ્થિતિ બની હતી તેનો હવે કોઈ અર્થ જ રહ્યો નથી અને તેનાથી લોકોને ફાયદો પણ મળવાનો નથી.

અમેરિકાએ પોતાની શરતોએ જે રીતે વિશ્વવ્યાપાર ગોઠવવાની તૈયારી કરી છે. તેમાં એક મહત્વના પગલામાં વિશ્વ વ્યાપાર સંગઠનમાં તેનું યોગદાન ખત્મ કરી દીધુ છે અને હવે વિશ્વના બીજા દેશો પણ તેમ કરશે. બ્રિટીશ વડાપ્રધાને કહ્યું કે દુનિયામાં હવે આયાત-નિકાસ નહી ડોમેસ્ટીક પ્રોડકશન વધારવાની હૌડ લાગશે.

અમેરિકી ટેરીફની અસર દેખાવા લાગી છે તે વચ્ચે સિંગાપુરમાં સૌથી ઓછા ૧૦% ટેરીફ હોવા છતાં પણ ત્યાં સૌથી વધુ અસર જોવા મળી રહી છે. કારણ કે સિંગાપુર, પુણે ટ્રેડ પર આધારિત અર્થતંત્ર ધરાવે છે. સિંગાપુરની શિપીંગ-લોજીસ્ટીંગ કંપનીઓ માટે તો પાટીયા પાડવા જેવી સ્થિતિ આવશે. ચીને કોઈ ચિંતા વગર જ વળતો ટેરીફ ઝીકીને અમેરિકાને વધુ છંછેડયુ છે.

ચીને જાહેર કર્યુ છે કે ટ્રમ્પની આ ધમકીની અમારા પર કોઈ અસર થશે નહી. ફ્રાન્સે હવે અમેરિકા સાથેના વ્યાપારની પુનઃ સમીક્ષા શરૂ કરી છે. તેઓએ એ પણ આગાહી કરી છે કે ટ્રમ્પ ટેરીફ અમેરિકાનેજ ગરીબ અને કમજોર બનાવ્યો.

યુરોપના દેશોએ પણ અમેરિકી





ટેરીફનો જવાબ આપવા આજે તાકીદની બેઠક બોલાવી છે. કેનેડાએ અગાઉ જ અમેરિકા સામે વળતા જાહેરાત કરી છે. બ્રાઝીલની સંસદે પણ અમેરિકાના ટેરીફ સામે વળતા ટેરીફ લાદવા દેશની સરકારને સતા આપી છે. અમેરિકી ફાયનાન્સીયલ એજન્સી જે.પી.મોર્ગને પણ હવે દુનિયામાં મંદીની શકયતા ૪૦%માંથી ૬૦% થઈ ગઈ હોવાનું જણાવ્યુ હતું. તેઓ કહે છે કે કંપનીઓના નફા ઘટશે. ટેરીફથી મોંઘવારી વધશે. જેના કારણે લોકોની ખરીદશક્તિ ઘટશે. બજારમાં માંગ ઘટશે.

# ઈઝરાયલે ગાઝા પટ્ટી પર કરેલા હુમલામાં ૩૨ લોકોનાં મોત

**મુખ્ય સમાચાર,ગાઝા**

ઈઝરાયલે ગાઝા પટ્ટી પર કરેલા હુમલામાં એક ડઝન મહિલા અને બાળકો સહિત ૩૨ લોકોનાં મોત થયા છે તેમ સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ હુમલો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતનયાહુ યુદ્ધ અંગે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા અમેરિકા જઈ રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને ઈઝરાયેલે હમાસ સાથે યુદ્ધ વિરામની જાહેરાત કરી હતી જો કે તેણે ફરીથી હવાઈ અને જમીન યુદ્ધ શરૂ કરી દીધુ છે. બાકીના બંધકો મુક્ત કરવા માટે નવી સમજૂતીનો સ્વીકાર કરવા માટે હમાસ પર દબાણ વધારવા માટે ઈઝરાયેલ આ હુમલા કરી



રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયલે છેલ્લા એક મહિનાથી ખાદ્ય અને ઈંધણની આયાત અને માનવીય સહાય રોકી દીધી છે.

પેલેસેટાઈન શરણાર્થીઓ માટે યુનાઈટેડ નેશન્સ એજન્સીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે ખાદ્ય સામગ્રીનો સ્ટોક ખલાસ થઈ રહ્યો છે અને સ્થિતિ ચિંતાજનક બની રહી છે. મૃતદેહો જ્યાં લાવવામાં આવ્યા છે તે નાસેર હોસ્પિટલના જણાવ્યા અનુસાર ઈઝારેયલે તાજેતરમાં કરેલા હુમલામાં દક્ષિણમાં આવેલા શહેર ખાન યુનુસમાં એક તંબુ અને ઘરને નિશાન બનાવ્યું હતું. જેમાં પાંચ પુરુષો, પાંચ મહિલાઓ અને પાંચ બાળકોનાં મોત થયા છે.

# રાજયની સ્કૂલના ૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ

## ધો. ૩થી ૫ અને ધો. ૯-૧૧ના વિદ્યાર્થીઓની પરીક્ષા આજથી જયારે ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૬મી એપ્રિલથી શરૂ થશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર અને GCERTના શૈક્ષણિક આયોજન મુજબ આજે તારીખ ૭મી એપ્રિલથી રાજ્યની તમામ સ્કૂલોમાં અભ્યાસ કરતાં ૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની શાળાકીય વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થશે. ધોરણ ૩થી ૫ અને ધોરણ ૯-૧૧ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૭મી એપ્રિલથી જ્યારે ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૬મી એપ્રિલથી શરૂ થશે. પ્રાથમિકની તમામ પરીક્ષાઓ ૨૫મી એપ્રિલે પૂર્ણ થશે જ્યારે હાઈસ્કૂલની પરીક્ષા ૨૧મીએ પૂર્ણ થશે.

સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી તમામ સ્કૂલોમાં એક સમયે જ પરીક્ષા યોજવાની શિક્ષણ વિભાગ દ્વારા સુચના અપાઈ છે. ધોરણ ૩થી ૫ની પરીક્ષા ૬ દિવસ ચાલશે. ધોરણ ૬થી ૮ની પરીક્ષા ૮ દિવસ ચાલશે. ધોરણ ૩થી ૫ની પરીક્ષા ૭ એપ્રિલથી શરૂ થશે, જેમાં પ્રથમ દિવસે ગુજરાતી, તારીખ ૮મીએ ગણિત, તારીખ ૯મીએ પર્યાવરણ, તારીખ ૧૧મીએ હિન્દી, તા.૧૨મીએ ઉર્દૂ સહિતની પ્રથમ ભાષા અને તારીખ ૧૫ એપ્રિલે અંગ્રેજીની પરીક્ષા લેવાશે. ધોરણ ૬થી ૮ની પરીક્ષા ૧૬ એપ્રિલથી શરૂ થશે. જેમાં ૧૬મીએ ગુજરાતી, ૧૭મીએ હિન્દી, ૧૯મીએ ગણિત, ૨૧મીએ વિજ્ઞાન,



૨૨મીએ અંગ્રેજી, ૨૩મીએ સામાજિક વિજ્ઞાન, ૨૪મીએ સંસ્કૃત અને ૨૫મી એપ્રિલના રોજ ઉર્દૂ સહિતની પ્રથમ ભાષાની પરીક્ષા યોજાશે. ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની પરીક્ષા તારીખ ૭મી શરૂ થશે અને ૨૧મીએ પૂર્ણ થશે. હાઈસ્કૂલની પરીક્ષા અગાઉના કાર્યક્રમ મુજબ ૧૨મી એપ્રિલે પૂર્ણ થવાની હતી પરંતુ મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપના પરીક્ષાના લીધે ૧૨મી એપ્રિલનું પેપર ૨૧મી એપ્રિલના રોજ લેવાનું નક્કી કરાયું છે.

# ગુજરાતના આંગણે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન શરૂ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

૮ અને ૯ એપ્રિલે અમદાવાદમાં યોજાઈ રહેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા માટે કોંગ્રેસ નેતાઓનું આજથી (૭ એપ્રિલ, ૨૦૨૫) જ અમદાવાદમાં આગમન થશે. મલ્લિકાર્જુન ખડગે, શશી થરૂર, કે. સી. વેણુગોપાલ અને અશોક ગેહલોત સહિતના ૯૦ ટકા ઈઠઈના સભ્યો આજે જ અમદાવાદ આવી પહોંચશે. તો રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી ૮ એપ્રિલની સવારે અમદાવાદ આવશે. બે દિવસ દરમિયાન યોજાનારા અલગ-અલગ કાર્યક્રમો માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. રાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા આવી રહેલા ૧૮૦૦થી વધુ ડેલિગેટ્સના રહેવા માટે હોટલ અને આવવા-જવા માટે વાહનોની વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

અમદાવાદના આંગણે યોજાનારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન માટે તડામાર તૈયારીઓ થઈ રહી છે. એક દિવસ પહેલા આજે કોંગ્રેસના અનેક સિનિયર નેતાઓ અમદાવાદ આવી પહોંચશે. મલ્લિકાર્જુન ખડગે, કેસી વેણુગોપાલ, ડી કે શિવકુમાર, રણદીપ સુરજેવાલા સહિત ૭૦૦ નેતાઓ આજે અમદાવાદ પહોંચશે.

આવતીકાલે મળનાર ઈઠઈ બેઠકના સભ્યો પણ આજે અમદાવાદ પહોંચશે. ઈઠઈ બેઠકમાં સામાજિક, આર્થિક અને રાષ્ટ્રીય ઠરાવો રજૂ કરવામાં આવશે. ૮ એપ્રિલે ઈઠઈ બેઠક અને ૯ એપ્રિલે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર છે. તમામ રાજ્યોના કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ, ઈઠઈ સભ્યો,





આમંત્રિતો સહિત ૧૯૦૦ સભ્યો ઉપસ્થિત રહેશે. કોંગ્રેસના નેતાઓ માટે અમદાવાદની હોટેલના બે હજાર રૂમ બુક કરવામાં આવ્યા છે. અમદાવાદમાં છેલ્લે માર્ચ ૨૦૧૯ માં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક મળી હતી. ૧૯૦૨ માં ગુજરાતમાં પ્રથમવાર કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદમાં મળ્યું હતું. વર્ષ ૧૯૦૭ માં સુરત, ૧૯૨૧ માં અમદાવાદ, ૧૯૩૮ માં બારડોલીના હરિપુરા અને ૧૯૬૧ માં ભાવનગર કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશનમાં મળ્યું હતું. તેના બાદ ૨૦૨૫ માં અમદાવાદમાં કોંગ્રેસનું અધિવેશન મળી રહ્યું છે.

# જામનગરમાં રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી





જામનગર શહેરમાં રામનવમી નિમિત્તે ભવ્ય રામસવારીનું આયોજન કરવામાં આવ્યું છે. હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ ચેરી ટ્રસ્ટના નેતૃત્વમાં આ શોભાયાત્રા ૪૩ વર્ષ પૂર્ણ કરી ૪૪માં વર્ષમાં પ્રવેશી છે.શોભાયાત્રા તળાવની પાળ સ્થિત બાલાહનુમાનજી મંદિરથી શરૂ થઈને શહેરના મુખ્ય માર્ગો પર ફરશે. આ યાત્રા હવાઈ ચોક, સેતાવાડ, માંડવી ટાવર રોડ, દરબારગઢ થઈને પંચેશ્વર ટાવર નજીક આવેલા રામચંદ્રજી મંદિરે સમાપ્ત થશે.મહાદેવ હર મિત્ર મંડળના પ્રમુખ રાજુ વ્યાસ અને શોભાયાત્રાના કન્વીનર ધવલભાઈ નાખવાના નેતૃત્વમાં ૫૪ રામસેવકોની સંકલન સમિતિ બનાવવામાં આવી છે. શોભાયાત્રામાં ૨૮ આકર્ષક ફ્લોટ્સ જોડાશે. મુખ્ય પાલખીમાં રામ–લક્ષ્મણ–જાનકીનો ફ્લોટ ગુલાબી વસ્ત્રો અને ભગવા ધ્વજથી સજાવવામાં આવ્યો છે.સહિત અનેક સંસ્થાઓએ આકર્ષક ફ્લોટ્સ તૈયાર કર્યા છે. શોભાયાત્રાના માર્ગ પર ૬૪ સ્થળોએ સ્વાગત કરવામાં આવશે. આ દરમિયાન ઠંડા પીણા, સરબત, છાસ અને પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. સ્થાનિક જગ્યાએ વિવિધ ઝાંખીઓના સ્થાયી ફ્લોટ્સ પણ તૈયાર કરવામાં આવ્યા છે.

# જામનગર જિલ્લાના ત્રણ શખ્સો પાસામાં ધકેલાયા





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં માથાભારે શખસો સામે પોલીસ દ્વારા પાસાનું શસ્ત્ર ઉગામાયુ છે જેમાં વધુ ત્રણ શખસો સામે પાસા દરખાસ્તોને મંજુરી મળતા સ્થાનિક ગુના શોધક શાખાએ સુરતની લાજપોર અને વડોદરા મધ્યસ્થ જેલમાં મોકલી આપવા માટે કાર્યવાહી હાથ ધરી છે.આ શખ્સો સામે જુદા જુદા ગુના નોંધાયા હોવાનુ સુત્રોએ જણાવ્યુ હતુ. જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા રોહિત વિશાલભાઈ ઉર્ફે સદામભાઈ શીંગાળા સામે સીટી બી પોલીસે પાસાની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા પોલીસ વડા મારફતે જીલ્લા કલેકટર સમક્ષ રજુઆત કરાઈ હતી. જે ઈસમનુ પાસનુ વોરનૂટ ઈસ્યુ થતા સ્થાનિક ગુના શોધક શાખાએ વોરન્ટની બજવણી કરતા તેને વડોદરા મધ્યસ્થ જેલમાં મોકલી દેવા માટે તજવિજ હાથ ધરી છે. જયારે જામજોધપુર તાલુકાના બાલવા ગામમાં રેલ્વે સ્ટેશન પાછળ રહેતા ઈમરાન હાજીભાઈ સમા નામના ૨૩ વર્ષના શખ્સ સામે તાજેતરમાં શરીર સંબંધી બે ગુન્હા નોંધાઈ ચૂક્યા છે, તે જ રીતે બાલવા ગામમાં જ રહેતા સુલતાન જુમાભાઈ સમા સામે પણ શરીર સંબંધી બે ગુના નોંધાયા છે.

# ગોંડલ ઘટકની તમામ આંગણવાડી માટે સખી અને સહ સખીની મોડ્યુલ તાલીમનું આયોજન કરવામા આવ્યું

**મુખ્ય સમાચાર, ગોંડલ**

એપીએમસી ગોંડલ ખાતે ગોંડલમાં સખી–સહસખી કિશોરીઓને નસ્ત્રપૂર્ણા મોડ્યુલસ્ત્રસ્ત્રતાલીમ રાખવામાં આવેલ. જેમાં રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા,એપીએમસી ના ડિરેક્ટર શ્રી જીતુભાઈ જીવાની, એપીએમસી ના વાઈસ ચેરમેન શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા,તાલુકા પંચાયત ગોંડલ ના પ્રીતિનિધિ શ્રી ભરતભાઈ ઢોલરિયા તેમજ ગોંડલ–૧ અને ૨ ના બાળ વિકાસ યોજમાં અધિકારી સોનલબેન વાળા,કોમલબેન ઠાકર જિલ્લા ના પૂર્ણ કન્સલ્ટન માલતીબેન,આરસેટી રાજકોટ થી જીગ્નેશભાઈ ગોસ્વામી હાજર રહેલ અને તેની ઉપસ્થિત ગોંડલ ૧ અને ૨ ના તમામ સેજા ના સુરવાઈઝર વર્ષાબેન ભટ્ટ, પીન્ટુબેન દવે, મુક્તાબેન ડોબા, નયનાબેન મહેતા ,નયનાબેન સિહાર, બંસીબેન સાવલિયા, ચંદાબેન ગોસ્વામી ,ભાવનાબેન વાંઝા, તેમજ પ્રી સ્કૂલ ઈન્સ્કટર ધવલભાઈ પરમાર કૃતિબેન દવે, એન એમ સ્ટાફ હેતલબેન પટેલ હેતલબેન દુદાણી દ્વારા આ તાલીમ નું આયોજન કરેલ જેમાં પુર્ણા યોજના ની જાણકારી આપવામાં આવી તેમજ પૂર્ણા શકિતના ઝઈછ પેકેટ વિશે,વાનગીઓ વિશે,માસિક ચક્ર,સ્વચ્છતા,દર માસે વજન ઉંચાઈ ને ઈખઈ વિશે તેમજ સમજ આપેલ.પુર્ણા કન્સલ્ટન્ટ દ્વારા કિશોરીઓને પુર્ણા યોજનાના ઉદેશો અને તેના વધુ લાભો લેવા પ્રેરિત કરેલ.આઈ.ટી.આઈ ના અલગ અલગ કોર્ષ વિશે,સમતોલ આહાર વિશે, સ્વ નિર્ભર વિશે સમજ આપેલ, એનિમીયા,લીલા શાકભાજી નો ઉપયોગ વિશે સમજાવ્યુ,નાની ઉમરે લગ્ન કરવાથી ને નાની ઉમરે માતા બનાવાથી થતાં પ્રોબ્લેમ અંગે સમજાવ્યું પુર્ણા સખી સહસખી મોડયુલ ના તમામ મુદાઓને આવરી લેવા આવેલ દરેક કિશોરીઓને ગીફ્ટ આપીને કિશોરીઓનો અભિપ્રાય લેવામાં આવેલ.કિશોરી આરોગ્ય વિભાગ ની ટીમ દ્વારા આરોગ્ય તાપસ કરવામાં આવી જેમાં ઍચ.બી. બીએમાઈ ની તાપસ કરવામાં આવેલ.પૂર્ણા કેલેન્ડર ની જાણકારી આપવામાં આવી તેમજ આંગણવાડી દ્વારા મળતા વિવિધ લાભો ને સોશિયલ મીડિયા



ના માધ્યમ દ્વારા વધુ પ્રસાર પ્રચાર કરવા માટે માહિતી આપેલ. પૂર્ણ કિશોરીને કૌશલ્યવર્ધક તાલીમ માટે આરસીટી સંસ્થા દ્વારા પગભર થવા માટેની તાલીમ ની માહિતી આપવામાં આવેલ. આ તાલીમ માટે આઈસીડીએસ ગોંડલ એપીએમસી નો ખુબ ખુબ આભાર માને છે જેના લીધે અમે આ તાલીમ માટે હોલ અને ભોજન વ્યવસ્થા કરી આપેલ હતો.

# બાબરીયા સુરાપુરા ધામ ટંકારા મુકામે ઐતિહાસીક દિવ્ય અવસર

## ભવ્ય શાહી સામૈયા, ડાક ડમરૂ રાસગરબા યોજાયાઃ એક લાખથી વધુ લોકો માટે મહાપ્રસાદનું આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

હિન્દુ સંસ્કૃતિ સનાતન ધર્મની પાવનધરા ટંકારા ના ટોળ–અમરાપર રોડ નદી કાંઠે આશરે નવસો વર્ષ પહેલા કોળી ઠાકોર બાબરીયા કુળના દેવજીદાદા મહાન શુરવીર થય ગયા. અહીં તેમની નવસો વર્ષથી ખાંભી છે. સમસ્ત બાબરીયા પરિવારના સુરાપુરાદાદા છે. આ ભવ્ય ઈતિહાસ ઉજાગર થયા અને બાબરીયા સુરાપુરાધામ તરીકે ઓળખાય તેના માટે આગામી તારીખ ૧૦/૪/૨૦૨૫ ગુરૂવાર અને તારીખ ૧૧/૪/૨૦૨૫ શુકવારે સતત બે દિવસ સુધી દિવ્ય પ્રસંગ ઉજવાશે. જેમાં પ્રથમ દિવસે ધજાના સામૈયા, ડાક ડમરૂ કાર્યક્રમ બપોરે અને સાંજે બન્ને સમયે સર્વ લોકો માટે મહા પ્રસાદ જાણીતા ડાક કલાકાર ભરત કુંઢીયા તેમજ બીજે દિવસે મહા યજ્ઞ અને નાત જમણવાર સાથે સર્વ ધર્મ પ્રેમી જાહેર જનતા માટે મહા પ્રસાદ ભવ્ય રાસ ગરબાનું આયોજન રાખેલ છે. આ રાસ ગરબામાં જાણીતા કલાકાર સાગરદાન ગઢવી અને ગોવિંદભાઈ ગઢવી તેમના મધુર કંઠે રાસ ગરબા પીરસસે. આ પાવન અવસરે સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી વિવિધ સમાજના ધાર્મિક જગ્યાના સંતો–મહંતો તેમજ તમામ સમાજના સામાજીક આગેવાનો, રાજકીય મહાનુભાવો, બિલ્ડરો, વેપારી, ઉદ્યોગપતિઓ, ડોકટરો, વકિલો, પોલીસમિત્રો, ઉચ્ચકક્ષાના સરકારી કર્મચારીઓ, નામાંકિત મોભીઓ ઉપસ્થિત રહેશે. બાબરીયા સુરાપુરા ધામ અઢારેવરણ અને સમસ્ત કોળી ઠાકોર સમાજ માટે આસ્થાનું કેન્દ્ર બન્યુ છે. રાજકોટ, પડધરી, ટંકારા, વાંકાનેર, મોરબી આ વિસ્તારના સર્વે લોકોને સાગમટે પધારવા સમસ્ત બાબરીયા પરિવારનું જાહેર આમંત્રણ છે. વિશેષ જણાવવામાં આવેલ ચા–પાણી, ઠંડાપીણા, નાસ્તા બે દિવસમાં એક લાખથી વધુ લોકો મહા પ્રસાદ લઈ શકે તેના માટે ભોજન સામગ્રીની વ્યવસ્થા રાખેલ છે. સોવિધામાં અલગ અલગ



વિશાળ અદભુત મંડપ વ્યવસ્થા રાખેલ છે. આ આયોજન સફળ બનાવવા માટે બાબરીયા કુટુંબ તમામ મઢના ભુવાશ્રી, વડીલો, યુવાનમિત્રો છેલ્લા બે મહિનાથી રાતદિવસ મહેનત કરીને જહમત ઉઠાવી રહયા છે. તેમ દિપકભાઈ ભનુભાઈ બાબરીયા ની અખબાર યાદીમાં જણાવેલ છે.

# મોરબીમાં ડો. હસ્તી મહેતાના ૧૬૬માં કેમ્પનું ભવ્ય આયોજન

## દર્દી નારાયણની સેવા સાથે ભત્રીજા-ભત્રીજીનો જન્મદિવસ ઉજવ્યોઃ ૧૬૬મો આરોગ્ય કેમ્પ સફળતા પૂર્વક સંપન્ન

**મુખ્ય સમાચાર,મોરબી**



૬ એપ્રિલના રોજ નિવેદિતા રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી દ્વારા તેમના ભત્રીજા–ભત્રીજીના જન્મદિવસ નિમિત્તે મોરબીના કાલિકા પ્લોટ બાવા અહેમદ શાની મસ્જિદ પાસે ડો. હસ્તલેખા(હસ્તી) મહેતાના માર્ગદર્શન હેઠળ ૧૬૬મો આરોગ્ય ચેકઅપ કેમ્પ યોજાયો હતો દર્દીઓને નિઃશુલ્ક દવા અને ચકાસણીના લાભ મળ્યા હતા. કેમ્પમાં હિન્દુ–મુસ્લિમ એકતાનું ઉદાહરણ જોવા મળ્યું હતું.

મોરબી શહેરમાં ૬ એપ્રિલના રોજ નિવેદિતા શાસ્ત્રી, વ્યવસાયે શિક્ષિકા, દ્વારા તેમના ભત્રીજા અને ભત્રીજીના જન્મદિવસની ઉજવણી કંઈક ખાસ રીતે કરાઈ હતી. જેમાં દર્દી નારાયણની સેવા માટે ડો. હસ્તલેખા (હસ્તી)બેન મહેતાના માર્ગદર્શન હેઠળ ૧૬૬મો આરોગ્ય ચેકઅપ કેમ્પનું આયોજન કાલિકા પ્લોટ ખાતે આવેલ બાવા અહેમદ શાની મસ્જિદ પાસે કરાયું હતું.

આ કેમ્પમાં દર્દીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો, દર્દીઓને તબીબી તપાસ બાદ ત્રણ દિવસની દવા આપવામાં આવી હતી, સાથે જ જરૂરિયાત મુજબ બ્લડ શુગર ટેસ્ટ અને બીપી ચેક પણ કરવામાં આવ્યા હતા, આ પ્રસંગે કાસમભાઈ સંધી અને નરેશભાઈ ગોહેલ (ઓડ) દ્વારા ખૂબ જ સુંદર અને શિસ્તબદ્ધ આયોજન કરાયુ હતું, જેમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાયની એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાલિકા પ્લોટના રહેવાસીઓએ પણ ઉત્સાહભેર ભાગ લઈ સહયોગ આપ્યો હતો. કેમ્પમાં રશ્મીનભાઈ દેસાઈ, ચંદ્રલેખાબેન મહેતા, દર્શનાબેન ત્રિવેદી, નિશાબેન દેસાઈ, કૌશિકાબેન રાવલ તથા નિવેદિતા શાસ્ત્રીએ સેવા આપી હતી, આ તકે કુ.નિવેદિતા શાસ્ત્રી દ્વારા ડૉ હસ્તીબેનને અનુદાનરૂપે રોકડ રકમ ભેટ આપવામાં આવી હતી.

# મોરબી મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા પાથરણા વાળા માટે છત્રી વિતરણ



જયારે સૂર્યનારાયણ પ્રકોપમાન થઈ રહ્યા છે, ત્યારે પઆગ વરસાવતુ આભ અને લુ ઓકતી ધરતીથએ જીવ માત્રને આકુળ વ્યાકુળ કર્યા છે, જીવવુ મુશ્કેલ બન્યુ છે ત્યારે જીવ માત્ર ઠંડક શોધવા પ્રયત્નો કરી રહ્યા છે, ત્યારે પરિવારના ગુજરાન માટે પેટીયુ રડતા, ધોમધખતા તાપમાં ખુલ્લામાં ચીજ વસ્તુઓ વહેંચતા નાના ગરીબ લારી, પાથરણા વાળા, ફેરિયાઓની તો વાત જ શી કરવી? પરંતુ મોરબી સ્થિત મુસ્કાન વેલ્ફેર સોસાયટીને આવા લોકો ધ્યાને આવતા સંસ્થા દ્વારા તારીખ ૪ એપ્રિલે સ્ટ્રીટ વેન્ડર્સ માટે ૬ બીગ છત્રિયો વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું, જે તેમને તપતી ગરમીથી મુક્તિ તો નહી આપી શકે પણ રાહત આપનાર સાબીત થશે એ ચોક્કસ છે. આ એક અતિ ઉત્તમ, સરહાનીય અને માનવતાભર્યું સામાજિક કાર્ય છે, જે વેન્ડર્સ માટે રાહત અને શારીરિક સુરક્ષા આપનારૂ કવચ બની રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પાથરણા વાળા દ્વારા પણ જેમ સુરજ કી ગર્મી સે તપતે હુએ તનકો મીલ જાયે તરૂવેર કી છાયા એવાજ અહોભાવ સાથે સંસ્થાના મહિલા અગ્રણીઓનો આભાર માન્યો હતો.

# મોરબીમાં રામનવમીની ભવ્ય ઉજવણી,રાત્રે ૧૨ વાગ્યે રામમહેલ મંદિરે મહાઆરતી સાથે સમાપન

## હજારો ભાવિકોની ભીડ વચ્ચે જયશ્રી રામના નારા, ૧૦થી વધુ સ્કૂલોના ટેબ્લો અને ૧૨થી વધુ ફ્લોટ્સ સાથે મોરબી રામમય બન્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં રામનવમીની ભવ્ય ઉજવણી સાથે શહેરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સર્કિટ હાઉસથી શરૂ થઈ હતી અને રાતે ૧૨ વાગ્યે રામમહેલ મંદિરે મહાઆરતી સાથે પૂર્ણ થઈ હતી. સમગ્ર યાત્રામાં હિંદુ સમાજના સંગઠનો, વિવિધ સ્કૂલો અને શહેરના લોકોની ઉલ્લાસપૂર્વકની હાજરી રહી હતી.

મોરબી શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રામનવમીની પાવન ઉજવણી અનોખી ભવ્યતા સાથે કરવામાં આવી હતી. મોરબી જીલ્લાના તમામ હિંદુ સંગઠનો અને સમસ્ત હિંદુ સમાજ દ્વારા એકસાથે મળીને ઉજવણીના ભાગરૂપે વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રાએ મોરબી શહેરને એકતા અને ભક્તિભાવથી ઉર્જાવાન બનાવી દીધું હતું. સર્કિટ હાઉસથી રામનવમીની શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું. આ શોભાયાત્રામાં ૧૨થી વધુ અલગ અલગ ધાર્મિક અને સાંસ્કૃતિક ફ્લોટ્સ અને ૧૦થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા આકર્ષક ટેબ્લોઝનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શહેરી માર્ગો પર શોભાયાત્રાની ઝાકઝમાળ જોવા મળી હતી. શોભાયાત્રા માર્ગમાં અનેક



જગ્યાએ હિંદુ સમાજના યુવાનો દ્વારા સ્ટેજ ઉભા કરી આરતી અને પુષ્પવૃષ્ટિથી યાત્રાનું સ્વાગત કરાયું હતું. રસ્તાઓ રામધુન, નૃત્ય–ગીત અને ધર્મપ્રચારના ઉલ્લાસભર્યા માહોલથી ગૂંજ્યા હતા. રાતે આશરે ૮:૩૦ વાગ્યે બાપા સીતારામ ચોક ખાતે વિશાળ આરતીનું આયોજન થયું હતું. અંતે રાત્રે ૧૨ વાગ્યે યાત્રાનું રામમહેલ મંદિરે મહાઆરતી સાથે ભવ્ય સમાપન થયું હતું. અહીં મોટી સંખ્યામાં ભાવિકો ભેગા થઈને ભગવાન રામની આરતીમાં ભાગ લીધો હતો. યાત્રા બાદ તમામ માટે મહાપ્રસાદનું પણ આયોજન રાખવામાં આવ્યું હતું.

# સિવિલના ઈન્ટર્ન ભાવી ડોક્ટરો મોબાઈલમાં વ્યસ્ત : દર્દીઓ ભગવાન ભરોસે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશનું ભવિષ્ય મનાતા વિદ્યાર્થીઓમાં મોબાઈલ નું વરગણ ઘણું વધ્યું છે તાજેતરમાં જ મોબાઈલમાં ઓનલાઈન ગેમ રમવાના ના પરિણામે અતસયમની એક શાળાના વિદ્યાર્થીઓએ હાથ ઉપર બ્લેડથી છેક મારયા હતા જે ઘટના હજી તાજી છે ત્યારે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ભાવિ ડોક્ટરો દર્દીઓની તપાસ કરવાને બદલે મોબાઈલમાં ગેમ તેમજ સોશિયલ મીડિયામાં સમાચારો જોવા વ્યસ્ત જોવા મળ્યા હતા .આ યુવા ધનને રોકવા વાળું કોઈ ન હોય પોતાની મસ્તીમાં તમામ મેડિકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સિવિલમાં પોતાની ફરજ અદા કરવાને બદલે મોબાઈલ જોવામાં વ્યસ્ત જોવા મળ્યા હતા . આ દ્રશ્ય મુખ્ય સમાચાર ના યુવા ફોટોગ્રાફર આનંદ જાવિયાએ કેમેરામા કેદ કર્યું હતું

# શહેરમાં મચ્છરોના ત્રાસથી રોગચાળો વકર્યોઃ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતાર




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગરપાલિકા ના તંત્ર વાહકોની ઘોર બેદરકારી ના કારણે આજી નદી ની સફાઈ કરવામાં ન આવતી હોય અને બેડી પાસે આવેલ નદીમાં ગાડીવેલ દૂર કરવામાં ન આવતી હોય જેના કારણે શહેરમાં મચ્છરોનો ત્રાસ અસહ્ય બન્યો હોય અને લોકો ત્રાહિમામ પોકારી ગયા હોય તેવા સંજોગોમાં શહેરમાં રોગચાળાનું પ્રમાણ વધ્યું હોય જેના કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતાર જોવા મળી રહી છે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માત્ર કાગળ પર જ કામગીરી થતી હોય તેમ છેલ્લા ઘણા સમયથી આજી નદીમાં ગાડીવેલ અને સફાઈ અભિયાન માત્ર કાગળ પર જ હોય તેવું લાગી રહ્યું છે જેના કારણે ભર ઉનાળે શહેરમાં મચ્છરોનો ત્રાસ વધી રહ્યો છે જેના કારણે રોગચાળો પણ ફાટી નીકળ્યો છે શહેરમાં ચિકનગુનિયા તાવ શરદી ઉધરસ જેવી બીમારીઓ ના ખાટલા ઘરે ઘરે જોવા મળી રહ્યા છે આજે સિવિલ હોસ્પિટલમાં આવેલ કેસબારી પર દર્દીઓની લાંબી કતાર જોવા મળી રહી હતી તથા મેડિકલ સ્ટોર પર પણ લોકો મોટી સંખ્યામાં દવા લેવા ઉમટી પડ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા હતા.

# રાજકોટમાં રામનવમીની આસ્થાભેર ઉજવણીઃ વિહીપ દ્વારા ભવ્ય શોભાયાત્રા નિકળી






(તસ્વીરઃ આનંદ જાવિયા)






**મુખ્ય સમાચાર,રાજકોટ**

રામનવમીના પાવન અવસરે રાજકોટ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ (ટઈંઙ) દ્વારા એક ભવ્ય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ હતી અને તેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

યાત્રાની શરૂઆત શહેરના નાણાવટી ચોક ખાતેથી કરવામાં આવી હતી. ભગવાન શ્રીરામની સુંદર પાલખીને સુશોભિત રથમાં સ્થાપિત કરવામાં આવી હતી. યાત્રામાં ભજન-કીર્તન મંડળીઓ રામના ભજનો ગાતી ચાલી રહી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. અનેક યુવાનો રામના જયઘોષ પોકારીને વાતાવરણને વધુ ઉર્જામય બનાવી રહ્યા હતા. આ યાત્રા શહેરના મુખ્ય માર્ગો જેવા કે યાજ્ઞિક રોડ, લક્ષ્મીનારાયણ ચોક, કાલાવડ રોડ અને ત્રિકોણ બાગ સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ હતી. યાત્રાના માર્ગો પર અનેક ઠેકાણે લોકોએ ભગવાન રામની આરતી ઉતારી અને પ્રસાદનું વિતરણ કર્યું હતું. મહિલાઓ અને બાળકો પણ મોટી સંખ્યામાં આ યાત્રામાં જોડાયા હતા અને તેઓ પણ ભક્તિના રંગમાં રંગાયેલા જોવા મળ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના સ્થાનિક આગેવાનોએ જણાવ્યું હતું કે આ યાત્રાનું આયોજન રામનવમીના પવિત્ર દિવસના મહત્વને લોકો સુધી પહોંચાડવા અને હિન્દુ સંસ્કૃતિના મૂલ્યોને જાળવી રાખવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું હતું.

સંપૂર્ણ યાત્રા દરમિયાન સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. પોલીસ તંત્ર દ્વારા પણ યાત્રાના માર્ગો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.આ ભવ્ય યાત્રા સાંજના સમયે નિર્ધારિત સ્થળે પહોંચીને સંપન્ન થઈ હતી. સદગુરુદેવ ભગવાન રણછોડદાસજી મહારાજની પ્રેરણા અને ગુરૂદેવશ્રી પૂ.હરિચરણદાસજી મહારાજ અનન્ય આશીર્વાદ થી પરમ પૂજ્ય મહંત શ્રી જયરામદાસજી મહારાજ ની અધ્યક્ષતામાં અત્રે ના સુપ્રસિદ્ધ રામજી મંદિર ગોંડલ ખાતે રામનવમી કાર્યક્રમ ભવ્યતીભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં કળશ સ્થાપના, શ્રી રામ ચરિત માનસજી ના પાઠ, રામજન્મોત્સવ, શ્રી રામ વિવાહ, પ્રાતઃ સ્મરણીય ગુરુદેવશ્રી હરિચરણદાસજી મહારાજનો ૧૦૩ મી જન્મજયંતિ રંગે ચંગે ઉજવણી તેમજ આજ રોજ રામનવમીના દિવસે શ્રી રામયજ્ઞ, મહાઆરતી તેમજ રામજન્મોત્સવ ભક્તિ ભાવ સાથે ઉજવાયો હતો. આ તકે સંતો-મહંતો, મહાનુભાવો, સમાજ શ્રેષ્ટિઓ, ગુરુભાઈઓ બહેનો મોટી સંખ્યામાં આરતી તેમજ દર્શનનો લાભ લીધો હતો.

ગોંડલના સુપ્રસિદ્ધ રામજીમંદિર ખાતે ભવ્ય રામલલ્લાના વધામણાં અને બપોરે મહાઆરતી માં હજારોની સંખ્યામાં માનવમહેરામણ ઉમટ્યું હતું દેશવિદેશ થી ગુરુભાઈઓ પણ મહાઆરતીમાં ઉપસ્થિત રહી આરતી તેમજ દર્શનનો લાભ લીધો હતો. આજરોજ રામનવમી નિમિતે રઘુરામ યજ્ઞમાં જીત રાજેશભાઈ ઉનડકટ તથા ઉનડકટ પરિવારે એ મુખ્ય યજમાન તરીકે જોડાયા હતા. અને યજ્ઞ પૂર્ણાહૂતિએ ગોંડલના મહારાજાશ્રી હિમાંશુસિંહજી પણ ઉપસ્થિત રહ્યા હતા. અને રામજી મંદિરના પટાંગણમાં મહા પ્રસાદ માં મોટી સંખ્યામાં ગુરુભાઈઓ અને ભક્તજનો એ લાભ લીધો હતોસ્રસ્ર

પ્રભાસપાટણ સોમનાથ ખાતે રામનવમી નિમિત્તે રામ ભગવાન ની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવેલ આ શોભાયાત્રા લક્ષ્મીનારાયણ મંદિર થી બપોરે ત્રણ કલાકે પ્રસ્થાન થયેલ અને મેઈન બજાર,વડલી ચોક, દુધ માર્કેટ અને રામરાખ ચોક થય ને લક્ષ્મીનારાયણ મંદિર એ પુર્ણ થયેલ

શોભાયાત્રા ના રૂટ મા બે જગ્યાએ મુસ્લીમ સમાજ ના આગેવાનો દ્વારા શોભાયાત્રા ઉપર પુષ્પો ઉડાડી સ્વાગત કરેલ તેમજ આગેવાનો ને ફુલ હાર પહેરાવી અને ઠંડા પીણા પીવડાવી ભવ્ય સ્વાગત કરી કોમી એકતાના નુ ઉદાહરણ પુરૂ પાડેલ આ શોભાયાત્રા ના રૂટ મા ઠેર ઠેર ચા પાણી ઠંડાપીણા સહિત ના સ્ટોલ રાખી સ્વાગત કરવામાં આવેલ.

# અકસ્માતમાં કાર માં થયેલ નુકસાનના પૈસા બાબતે યુવક પર મહિલા સહિત ત્રણનો હુમલા

## જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જામનગર રોડ વિસ્તારમાં રહેતા યુવકની કાર સાથે જીજે ૦૩ એનપી ૪૧૫૩ના કાર ચાલકે કાર ભટકાડી નાશી છુટતા યુવકે પીછો કરી કેસરીપુલ પાસે કાર રોકાવી ખર્ચો માંગતા યુવકને મહિલા સહિત ત્રીપુટીએ ધમકી આપી મારકુટ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.



જામનગર રોડ પર આવેલા પરસાણાનગરમાં રહેતા મુરલી નારણદાસ દેવનાણીએ એ ડીવીઝન પોલીસમાં જીજે. ૦૩ એનપી ૪૧૫૩ નંબરના કાર ચાલક તથા તેની સાથેના બે અજાણ્યા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે પાંચ દિવસ પુર્વે મારી માલીકીની જીજે ૦૩ કેપી ૪૬૩૯ નંબરની કાર લઈ ઘરે જતો હતો.ત્યારે જયુબેલી ગાર્ડન ચોકમાં પહોંચતા ઉપરોકત કાર ચાલક મારી ગાડી સાથે ભટકાડી નાશી છુટતા મે તેનો પીછો કરી કેસરીહીંદ પુલ પાસે રોકાવી કહ્યું કે ભાઈ તમે ગાડી ભટકાડીને ઉભા પણ નથી રહેતાનું કહેતા જ ગાડીમાંથી મહિલા સહિત ત્રણ લોકો ઉતર્યા અને કહ્યું કે તારી ગાડીમાં નુકશાન થયેલ છે તેનો ખર્ચો તને નથી આપવો તારે થાય તે કરી લે કહી ત્રિપુટીએ ગાળો આપી ઝપાઝપી કરી કહ્યું કે તારાથી મારી ગાડી રોકાય જ કેમ તુ મને ઓળખતો નથી હું તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે

# રાજકોટના ઈસ્કોન મંદિરે રામનવમી મહોત્સવની ભાવપૂર્ણ ઉજવણી





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટના ઈસ્કોન મંદિરમાં રામનવમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ ભગવાન શ્રીરામની પાલખીયાત્રા નીકળી હતી અને ત્યારબાદ રામચંદ્રજીને ૨૧૦૦ કિલો વિવિધ રંગી ફ્લોનો શણગાર કરવામાં આવ્યો હતો. રામનવમીના દિવસે ઈસ્કોન મંદિરમાં ૧.૫ લાખ ભાવિકો ઉમટી પડ્યા હતા અને ૧ લાખ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. શહેરના કાલાવડ રોડ પર સ્થિત ઈસ્કોન મંદિરનો રામનવમીના દિવસે ૨૨મોં બ્રહ્મોત્સવ હોવાથી તેની પણ ઊજવણી કરવામાં આવી હતી. આ અંગે માહિતી આપતા ઈસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છેકે, આ વર્ષે રામનવમીના દિવસે ઈસ્કોન મંદિર દ્વારા ભગવાન શ્રીરામચંદ્રના અવિર્ભાવ તેમજ મંદિર ના ૨૨માં બ્રહ્મોત્સવની એમ બેવડી ખુશી હતી. ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે ભગવાન શ્રી સીતારામ, લક્ષ્મણ, હનુમાનજીનો રામ દરબાર પણ આવેલ છે માટે ઈસ્કોન મંદિર દ્વારા આ વર્ષે રામનવમીના પર્વની ખૂબ જ ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાંજે ૪થી ૬ ભક્તિમય અને સુમધુર કીર્તન, વિશેષ ભગવાન શ્રીરામની આરતી થઈ હતી.સાંજે ૫ વાગ્યાથી સર્વ દર્શનાર્થીઓ માટે ફરાળી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતુ. ઈસ્કોન મંદિરમાં રામનવમી મહોત્સવ અને શ્રી રાધા નીલમાધવ ધામના ૨૨મા બ્રહ્મોત્સવની ભવ્ય ઉજવણી થઈ હતી. જેમાં રામનવમીના પૂરા દિવસમાં ૧.૫ લાખથી વધુ મુલાકાતીઓએ મંદિરની મુલાકાત લીધી હતી અને ૧ લાખથી વધુ લોકોએ સાંજનો મહાપ્રસાદ લીધો હતો. આ તકે રાજકોટના મેયર નયનાબેન પેઢાડિયાએ મંદિરની મુલાકાત લીધી હતી. આ સાથે જે રાજકોટના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ તેમજ મહાનુભાવોએ મંદિરની મુલાકાત લીધી અને ભગવાન રામચંદ્રના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

# રાજકોટ સાયકલ ક્લબ દ્વારા સાયકલોફન ૨૦૨૫ સંપન્ન

## આ સાયકલોફનમાં શહેરભરમાંથી ૪ હજારથી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધોઃ બાળકો, યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોનો સમાવેશ






(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલી આત્મીય યુનિવર્સિટી ખાતે આજે રોટરી રાજકોટ મીડટાઉન અને રાજકોટ સાયકલ ક્લબના સંયુક્ત ઉપક્રમે સાયકલોફન ૨૦૨૫ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રેલીને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલા દ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ સાયકલોફનમાં શહેરભરમાંથી ૪ હજારથી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બાળકો, યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો નો સમાવેશ થતો હતો. સવારથી જ આત્મીય યુનિવર્સિટીના ગ્રાઉન્ડ પર સાયકલ સવારોનો જમાવડો જોવા મળ્યો હતો. સહભાગીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સૌ કોઈએ એક સાથે સાયકલ ચલાવીને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશો આપ્યો હતો. આયોજકો દ્વારા તમામ સહભાગીઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી અને સમગ્ર રૂટ પર સુરક્ષા જાળવવામાં આવી હતી. સાયકલોફનના અંતે સહભાગીઓને નાસ્તો અને પાણી પણ આપવામાં આવ્યું હતું. રોટરી રાજકોટ મીડટાઉન અને રાજકોટ સાયકલ ક્લબ દ્વારા આયોજિત આ સાયકલોફન ૨૦૨૫ શહેરના લોકો માટે એક યાદગાર ઘટના બની રહી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જીયાણાની સીમમાં શ્રમિક દંપતી પર ખૂની હુમલોઃ મહિલાનુ મોત

## ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ગણતરીની કલાકોમાં જ હુમલાખોર શખ્સને દબોચી લઈ વધુ તપાસ શરૂ કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના અગલગોટા ગામના વતની અને હાલ રાજકોટ તાલુકાના જીયાણા ગામની સીમમાં આવેલી મનસુખભાઈ નાથાભાઈ દોમડીયાની વાડીમાં રહીને ખેત મજૂરી કરતા લખડીયા માંગલયા પછાયા નામના ૬૦ વર્ષીય આધેડે અજાણ્યા શખ્સ વિરુદ્ધ શિક્ષણ હથિયાર વડે દંપત્તિ પર હુમલો કરી તેમની પત્નીની હત્યા નીપજાવ્યા અંગેની કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં લખડીયા પછાયાએ જણાવ્યું છે કે પોતે અગાઉ બોડાદ ખાતે વાડી વાવતો હતો અને અગાઉ તેના લગ્ન કુમલી સાથે થયા હતા. પરંતુ તેમના વતન ખાતે માધુ સેઈજાની હત્યા નીપજાવતા પોતે ઈન્દોર જેલમાં સજા

કાપી રહ્યો હતો. આ અરસામાં તેની પત્નીએ બીજા લગ્ન કરી લીધા હતા. પોતે જેલમાંથી છૂટયા બાદ તેણે જમકુ ઉર્ફે રોમકી સાથે લગ્ન કરી પતિ પત્ની બંને જીયાણા ગામની સીમમાં આવ્યા હતા અને એક વર્ષથી મનસુખભાઈ દોમડીયાની વાડી ખેડવા માટે રાખી છે.

શનિવારની રાત્રીના પતિ પત્ની બંને જમીને પતરાવાળી ઓરડીમાં સુતા હતા ત્યારે દરવાજો તોડીને એક અજાણ્યો શખ્સ હાથમાં ધારિયા જેવુ તીક્ષણ હથિયાર ધારણ કરી ઘૂસી આવ્યો હતો અને તેણે આ ધારિયા વડે સૌ પ્રથમ તેના પર હુમલો કર્યો હતો તેથી તેણે પ્રતિકાર કરતા ધારિયુ બંને હાથમાં અને કાન પાસે તથા ડોક ઉપર લાગી જતા તેણે રાડા રાડી કરી મૂકી હતી પરંતુ કોઈ બચાવવા ના આવતા તે તેનો જીવ બચાવી ત્યાંથી ભાગવા લાગ્યો હતો. તે સમયે દીવાલ સાથે અથડાતા પગમાં પણ ગંભીર ઈજા પહોંચી હતી આ સમયે તેની પત્નીએ નસ્રમને ન મારો, મને ન મારોસ્રસ્ર તેવી રાડા રાડી શરૂ કરી હતી. પરંતુ લાખડીયા માંગલયા તેનો જીવ બચાવી ગામ તરફ ભાગ્યો હતો. બાજુમાં આવેલી એક વાડીમાં રહેલી મહિલાને શેઠને જાણ કરવાનું કહ્યું હતું અને તે અરસામાં મનસુખભાઈનો ભેટો થઈ જતા તે અને અન્ય બે વ્યક્તિઓ સહિત તમામ વાડી તરફ ગયા હતા.





### શનિવારની મધ્યરાત્રીએ અજાણ્યા શખ્સે પ્રૌઢ પર હુમલો કરતા તે જીવ બચાવી નાસી ગયેલ, પાછળથી પત્નીના માથામાં ઘા ઝીંકી દેતા મોતને ભેટી

ત્યાં જઈ ઓરડીમાં જોતા લખડીયા માંગલીયાની પત્ની લોહી લુહાણ હાલતમાં પડી હતી. તપાસ કરતા અજાણ્યા શખ્સે માથાના ભાગે ધારદાર હથિયારથી હુમલો કર્યો હોવાનું જણાયું હતું.

આ ઘટના બાદ સ્થાનિક પોલીસ તથા ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે તપાસ હાથ ધરીને ગણતરી ની કલાકો માં આરોપી કિસન તેરસિંહ મેડા નામના એમપી ના શખ્સને દબોચી લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે

# મોરબીના યુવાને રાજકોટ માં બસ સ્ટેન્ડ પાછળ આવેલ કુંજ ગેસ્ટ હાઉસમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

- **પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી વધુ તપાસ હાથ ધરી**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મૂળ મોરબીનો યુવક બે દિવસ પુર્વે ઘરેથી નીકળી જઈ શહેરના ઢેબર રોડ વિસ્તારમાં આવેલા ગેસ્ટહાઉસમાં રહેતો હતો.અને ત્યાંજ રૂમમાં યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું.

બનાવ અંગે પોલીસને જાણ થતા સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી કયાં કારણોસર પગલું ભર્યુ તે જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

મોરબી બાયપાસ રોડ પર આવેલા રોટરીનગર-૧૧ સેવાદન પાસે રહેતા હાર્દીક રાજેશભાઈ પચાસરા ઉ.૨૪ નામના યુવકે બસ સ્ટેન્ડ પાછળ આવેલા કુંજ ગેસ્ટ હાઉસમાં ગળેફાંસો ખાઈ લીધો હતો.બનાવ અંગેની ગેસ્ટ હાઉસના સ્ટાફે પોલીસને જાણ કરતા એ ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ એસ.એમ.રાણા સહિતના દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી યુવકે કયાં કારણોસર પગલું ભર્યુ તે જાણવા તપાસ યથાવત રાખી છે. પ્રાથમિક તપાસમાં બે દિવસ પુર્વે ઘરેથી નીકળી જઈ અહીં રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

# રઘુવીર સોસાયટીમાં ડિગ્રી વગર ગર્ભપાત કરતી મહિલા ઝડપાઈ

## હોમકેર નર્સીગ સારવારના અનુભવના આધારે જેલમાંથી છુટી ભાડાના મકાનમાં ધંધો શરૂ કર્યો તો; ૪.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ગર્ભપરીક્ષણનો ગેરકાયદેસર ધંધો ચાલતો હોવાનો એસઓજીની ટીમે પર્દાફાશ કર્યો છે. જેમાં ત્રણ વર્ષ પૂર્વે હોમકેર નર્સીગ સારવારના અનુભવના આધારે ગર્ભપરિક્ષણ અને ગર્ભપાત કરતી મહિલા છ મહિના જેલની હવા ખાઈને બહાર આવ્યા બાદ ફરી ભાડાના મકાનમાં ગર્ભપરીક્ષ અને ગર્ભપાતનો ધંધો શરૂ કર્યો હતો. બાતમીના આધારે એસઓજીની ટીમે બે મહિલા કોન્સ્ટેબલને દર્દીના સ્વાંગમાં મોકલી ગેરકાયદેસર ચાલતા ગર્ભપરીક્ષણના ધંધાનો પર્દાફાશ કરી મહિલાને રૂપિયા ૪.૧૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધી હતી. મહિલા પાછળ કોઈ ડોક્ટરની ભૂમિકા હોવાની શંકાના આધારે પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.



આ અંગે ની મળતી વિગત મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, પોલીસ કમિશનર ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ અને મદદનીશ પોલીસ કમિશનર ભરત બસિયા દ્વારા રાજકોટ શહેરમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓને નેસ્ત નાબુદ કરવા સુચના આપવામાં આવી હતી. જે સુચનાને પગલે એસઓજીના પીઆઈ એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ એસઓજીના હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ અને અનોપસિંહ ઝાલાને બાતમી મળી હતી કે, રાજકોટમાં સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે આવેલ આવાસ યોજનાના સિતાજી ટાઉનશીપમાં સી વીંગમાં રૂમ નંબર ૪૦૪માં ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાતનો ધંધો ચાલી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ટ્રેપ ગોઠવી મહિલા કોન્સ્ટેબલ મિતલબેન ગોહિલને ડમી સગર્ભા ગ્રાહક તરીકે અનેતેમની સાથે તેમના બહેનતરીકે મોનાબેન બુસાને ગર્ભપરિક્ષણ અર્થે મોકલી ઓપરેશન પાર પાડયુ હતું. પોલીસે ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરતી સરોજબેન વિનોદભાઈ ડોડિયા (રહે. રઘુવીર સોસાયટી શેરી નં. ૪ શ્રી સહકાર મેઈન રોડ રાજકોટ)ને ઝડપી લીધી હતી. અને ચાર લાખની કિંમતનું સોનોગ્રાફી મશીન, પરિક્ષણ કરવામાં ઉપયોગમાં લેવાતી જેલ બોટલ, પ્લાસ્ટિકનું ટેબલ અને- બોટલ મળી રૂપિયા ૪૧૦૧૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં સરોજબેન ડોડિયા વર્ષ ૨૦૨૧માં પણ ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાત કરવાના ગુનામાં જેલમાં ધકેલાઈ હતી. છ માસ જેલની હવા ખાઈને બહાર આવ્યા બાદ સરોજબેન ડોડિયાએ સિતાજી ટાઉનશીપમાં મકાન ભાડે રાખી ફરી ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાતનો ધંધો કર્યો હતો. સરોજબેન ડોડિયા પાછળ કોઈ ડોક્ટરની ભૂમિકા હોવાની શંકાએ એસઓજી પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.

# સુરેન્દ્રનગરના શેખપર નદીમાં રેતીનું ડમ્પર ખાબકતા ૩ના મોતની આશંકા

## એક વ્યક્તિનો મૃતદેહ મળ્યોઃ શોધખોળ ચાલુ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરમાં શેખપર નજીક આ રેતી ભરેલું નદીમાં રેતી ભરેલુ ડમ્પર ખાબકતા ૩ લોકોના મોતની આશંકા આશંકા વ્યક્ત કરવામાં આવી છે. બનાવની જાણ થતા જ ફાયરની ટીમો દ્વારા નદીમાં શોધખોળ હાથ ધરાઈ છે અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ડમ્પરમાં કેટલા લોકો સવાર હતા અને પાણીમાં ડુબ્યા છે કે કેમ તેની પણ તપાસ ચાલી રહી છે. નદીમાંથી રેતી કાઢતા હતા આ દરમિયાન ડમ્પરની બ્રેક ફેઈલ થતા નદીમાં ખાબક્યું હતું.



સુરેન્દ્રનગર શેર અને જિલ્લા અને તેના તાલુકા મથકે ખનીજ માફીયાઓ ભારે બેફામ બન્યા છે અને ખનીજ માફીયાઓ દિન હોય કે રાત હોય એની પરવા કર્યા વગર બેફામ રીતે ખનીજ ચોરી કરી અને રાતોરાત માલામાલ થઈ જવાના સપનાઓ જોઈ અને દિન રાત ખનીજ માફીઓ બેફામ રીતે ખનીજ ચોરી કરી રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં શેખપુર ગામ પાસેની નદીમાં રેતી ભરી અને પસાર થઈ રહેલા ડમ્પરના ચાલકે પોતાના ડમ્પરની બ્રેક ફેલ થઈ જતા અચાનક જ લષ ૧૮ લબ ૮૪ ૮૪ નંબરના ડમ્પર ના ચાલકે પોતાના ડમ્પર ઉપર કાબુ ગુમાવ્યો અને એટલી બધી હદે રેતી ભરી કે પોતાનું ડમ્પર પણ કાબુ ના કરી શક્યો અને ડમ્પર નદીમાં પલટી ખાઈ ગયું અને નદીમાં ત્રણ વ્યક્તિઓ ડૂબી ગયા હોવાનું સામે આવ્યું છે.

જેમાં એક વ્યક્તિનો મૃતદેહ મળ્યો છે અને હજુ બે વ્યક્તિઓને તપાસ અને તેનો મૃતદેહ કાઢવા માટેની કામગીરી ચાલુ હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે ત્રણના મોતની આશંકા કા હાલ સેવાઈ રહી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ તંત્ર એટલી બધી હદે માયકાંગલું સાબિત થઈ રહ્યું છે કે હપ્તાખોરી કરી અને આવો કાળો કારોબાર સુરેન્દ્રનગર જિલ્લાને તેના તાલુકામાં તો કોઈ ચાલવા દે છે. ત્યારે અવારનવાર ખાણોમાં પણ ભેખડ ધસવા તેમજ અન્ય ઘટનાઓ બની છે અને તેમાં પણ અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે અને ત્રણના મોતની આશંકા સેવાઈ રહી છે જેમાં રેતી ભરેલું ડમ્પર નદીમાં પલટી મારી ગયું છે અને ત્રણ લોકો નદીના પાણીમાં ઘરકાવ થઈ જવા પામ્યા છે ત્યારે એકનું ડેટ બોડી મળી આવ્યું છે.

જ્યારે બે વ્યક્તિઓની શોધખોળ ચાલુ છે ત્યારે ઘટના સ્થળ ઉપર પોલીસ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે અને તપાસ પણ હાથ ધરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે આ રીતે ક્યાંથી કાઢી અને કોની પરમિશનથી કાઢી ગેરકાયદેસર હતી કે કાયદેસર તે તમામ વિગતો હાલમાં તપાસનો વિષય બન્યો છે જ્યારે હાલતો ત્રણ વ્યક્તિઓ ડમ્પર પલટવાના કારણે લાપતા થયા હોવાનું સામે આવ્યું છે

# દાંડીયા કલાસ બંધ કરવા મુદે સાતથી વધુ શખ્સોનો યુવક પર કર્યો ખૂની હુમલો



શહેરમાં ૩ દિવસ પુર્વે દાંડીયા કલાસીસ બંધ કરાવવા મુદે થયેલ માથાકુટનો ખાર રાખી યુવક પર સાતથી વધુ શખસોએ જીવલેણ હુમલો કરતા સારવાર અર્થે ખાનગી હોસ્પિ.માં ખસેડાયો છે. બનાવ અંગેની જાણ થતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ કાર્યવાહી હાથ ધરી છે.ત્રણ દિવસ પુર્વે દાંડીયા કલાસ બંધ કરવા મુદે થયેલ માથાકુટનું સમાધાન થયું હોવા છતાં હરિધવા માર્ગ પર આવેલ રંગીલા સોસાયટી નજીક પાર્થ ધીરૂભાઈ કાકડીયા ઉ.૩૨ નામના યુવક પર સાતથી વધુ શખસોએ ધોકા-પાઈપ વડે તુટી પડયા હતા. આસપાસ દેકારો થતા લોકોના ટોળા એકઠા થતા હુમલાખોરો નાશી છુટયા હતા.અને જીવલેણ હુમલામાં ગંભીર રીતે થવાયેલા યુવકને સારવાર અર્થે ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિ.માં ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગેની જાણ ભક્તિનગર પોલીસને થતા સ્ટાફ દોડી જઈ યુવકનું નિવેદન નોંધી હુમલાખોરો સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. બે દિવસ પુર્વે ભક્તિનગર પોલીસ મથકમાં પોલીસની સામે જ યુવકને ગાળો આપી પોતાના પરવાનાવાળું હથિયાર લમણે હું મુકી મુકી : દીધું હતું. તેમજ હુમલાખોરો નવરાત્રી મહોત્સવના આયોજકો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતા વિધવાને મારામારી થતાં હોસ્પિટલમાં દાખલ કરાયાને રાત્રે ઘરમાં તસ્કરો ત્રાટક્યા !

## સોના-ચાંદીના ઘરેણા, રોકડ સહિત ૧.૮૦ લાખ ચોરી કરનારા બે તસ્કરો પકડાયા


**મુખ્ય સમાચાર,રાજકોટ**

જામનગર રોડ પર ઘટેયશ્વર ૨૫ વારિયા ક્વાર્ટરમાં રહેતા વિધવા મહિલાને તેના જ વિસ્તારમાં રહેતાં લુખ્ખા તત્ત્વો સાથે ધુળેટી ના પર્વે સવારના સમયે છેડતી બાબતે મારામારી થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થવું પડયું હતું. જેવા વિધવા હોસ્પિટલમાં દાખલ થયા કે હુમલો કરનારે જ તેના બે મળતિયાઓ મારફતે વિધવાના મકાનમાં ૧.૮૦ લાખની ચોરી કરાવી હોવાનું ખુલ્યું હતું. ગાંધીગ્રામ પોલીસે આ ધૂળેટી પર્વે ચોરીને અંજામ આપનાર બે તસ્કરને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો

આ અંગે સુમિત્રાબા દિલીપસિંહ રાકોડે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમની બાજુમાં જ રહેતાં સંજય સોલંકીએ પૂળેટીના દિવસે તેમની છેડતી કરી હોય આ બાબતે મારામારી થઈ હતી જેમાં તેમને ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થવું પડયું હતું. હોસ્પિટલ જતાં પહેલાં પરને તાળું મારી દીધું હતું.

દરમિયાન હોસ્પિટલમાં સારવાર લઈને ઘેર આવતાં કબાટનું લોક તૂટેલું હતું અને બધો સામાન વેરવિખેર જણાતાંતપાસ કરી હતી જે બાદ તસ્કરો ૧.૮જ્ઞ લાખની સોના-ચાંદીના પરેણા તેમજ રોકડ સહિતનો સામાન ચોરી કરી ગયા હોવાનું ધ્યાન પર આવ્યું હતું.

સુમિત્રાબાની ફરિયાદ બાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટાફ દ્વારા તપાસશરૂ કરતા આ ચોરી ભરત દેવીપૂજક તેમજ લાલા નામના શખ્સે



કરી હોવાનું ખુલતાં બન્નેને પકડી લેવામાં આવ્યા હતા. દરમિયાન કરિયાદી મહિલાએ એવો આક્ષેપ પણ કર્યો હતો કે ભરત દેવીપૂજક અને લાલો એ બન્ને સંજય સોલંકીના જ સાગ્રીતો છે અને તેના ઈશારે જ આ બન્નેએ ઘરમાં ચોરી કરી હતી.

# રામ રણુજા સોસાયટીમાં ઈન્સ્ટાગ્રામમાં બહેન સાથે વાત કરતા શખ્સને ટપારતા ભાઈ ઉપર હુમલો

## છરીની અણીએ જાનથી મારી નાખવાની ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ નોંધતો ગુનો

કોઠારીયા રોડ ઉપર આવેલ રામ રણુજા સોસાયટીમાં રહેતા યુવાને જંગલેશ્વરમાં રહેતા અને બહેન સાથે ઈન્સ્ટાગ્રામમાં વાતચીત કરતા શખ્સને ઘર પાસેથી નીકળતા ટપારીઓ હતો જેથી ઉશ્કેરાયેલા શખ્સે અહીં શેરીમાં આંટા મારવા છે તું અહીંથી જતો રહે નહિતર તને મારી નાખીશ તેવી છરીની અણીએ ધમકી આપી માર માર્યો હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાય છે. આ બનાવ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર રણુજા મંદિર સામે આવેલી રામ રણુજા સોસાયટીમાં રહેતા નિતેશ તુલસીભાઈ કુવરિયા નામનો ૩૧ વર્ષનો યુવાન સોમનાથ સોસાયટી મેઈન રોડ ઉપર આવેલ સોમનાથ મહાદેવ મંદિરની બાજુમાં હતો ત્યારે સાહીદ કડીવાર નામના જંગલેશ્વરના શખ્સે ઢીકા પાટુનો માર મારી અહીં શેરીમાં આંટા મારવા છે તું અહીંથી જતો રહે નહિતર તને મારી નાખીશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની નીતીશ કુવરિયાએ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાથમિક તપાસમાં સાહિદ કડીવાર અને નિતેશ કુવરિયા ની બહેન ઈન્સ્ટાગ્રામમાં વાતોચીતો કરતા હોય જેની જાણ નિતેશ કુવરિયા સહિતના પરિવારને થતા સાહિદ કડીવારને યુવતી સાથે ઈન્સ્ટાગ્રામમાં વાત નહીં નહીં કરવા સમજાવ્યો હતો તેમ છતાં સાહિદ કડીવાર પોતાનું સ્કૂટર લઈને નિતેશ કુવરિયાના ઘર પાસે આંટા મારી રહ્યો હતો ત્યારે નિતેશ કુંવરિયાએ તું કેમ અહીં અમારી શેરીમાં આંટા મારે છે તેમ કહેતા સાહિદ કડીવાર ઉશ્કેરાયો હતો અને નિતેશ કુંવરિયાને ઢીકા પાટુનો માર માર્યો હતો અને છરીની આણીએ અહીં શેરીમાં આંટા મારવા છે તું અહીંથી જતો રહે નહીંતર તને મારી નાખીશ તેમ કહી ધમકી આપી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે ફરિયાદના આધારે તપાસનો દોર લંબાવ્યો છે.

# વેલનાથપરામાં ઘર આંગણે રમતી ૧ વર્ષની બાળકીને અજાણી કારે ઠોકરે લેતા મોત

શહેરમાં અવાર નવાર બનતા જીવલેણ અકસ્માતો અટકાવવા પોલીસ તંત્ર નિષ્ફળ રહ્યું છે. ત્યારે વધુ એક જીવલેણ અકસ્માતમાં ૧ વર્ષની બાળકીનું મોત નિપજયું હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. શહેરના વેલનાથપરા શેરી નં ૨૨માં રહેતા જયેશભાઈ બાબરીયાની પુત્રી કાવ્યા ઉ.૧ રાત્રીના આઠેક વાગ્યા આસપાસ ઘરે આંગણે રમતી હતી.ત્યારે અજાણ્યા કાર ચાલકે હડફેટે લેતા માથે-શરીરે ગંભીર ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી બી ડીવીઝન પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં પિતા મજુરી કામ કરે છે. અને સંતાનમાં બે પુત્રી છે. મૃતક નાની હતી. પુત્રીના અકાળે મોતથી પરિવારમાં શોકનું મોજું ફરિ વળ્યું છે. પોલીસે મૃતકના પિતાની ફરિયાદ પરથી અકસ્માત સર્જી નાશી છુટેલા કાર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# લોહાનગર માં રામનવમીએ મંદિર પર ધ્વજા ચડાવવા ગયેલા યુવાનનું શોક લાગવાથી મોત

લોહાનગર વિસ્તારમાં રામ નવમીના શુભ દિવસે ચારબાઈ મંદિર ખાતે એક કરુણ ઘટના બનવા પામી છે. જેમાં એક યુવક રામનવમી હોવાથી મંદિરના શિખર પર નવી ધજા ચડાવવા માટે ગયો હતો. તે વેળાએ યુવકને ઈલેક્ટ્રીક શોક લાગતા નીચે પટકાયો હતો. જેને બેભાન અવસ્થામાં હોસ્પિટલે ખસેડાતા ફરજ પરના ડોક્ટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. જેના મોતથી પરિવારમાં ભારે કલ્પાંત સર્જાયો છે. જાણવા મળતી વિગત મુજબ લોહાનગર વિસ્તારમાં ચારબાઈ માતા મંદિર આવેલું છે. આજે રામનવમીનો શુભ તહેવાર હોવાથી લોહાનગર વિસ્તારના લોકો બહોળી સંખ્યા મંદિરે એકઠા થવાના હતાં. સવારથી યુવાનો દ્વારા મંદિરને શણગાર કરવામાં આવી રહ્યો છે. તે સમયે લોહાનગર વિસ્તારમાં રહેતો રોહિત વિજયભાઈ કણસાગરા ઉ.વ.૨૫ નામનો યુવાન પણ મંદિર ખાતે હાજર હતો. દરમિયાન સવારે ૯ વાગ્યાના અરસામાં મંદિરના શિખર પર ધજા ચડાવવા જતો હતો. ત્યારે ત્યાં ઉભો કરાયેલા લોખંડના પાઈપમાં ઈલેક્ટ્રીક શોક લાગતા નીચે પટકાયો હતો. ઈલેક્ટ્રીક શોક લાગવાથી નિચે પટકાયેલા રોહિત કણસાગરાને તુરંત બેભાન અવસ્થામાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં ફરજપરના ડોક્ટરે જોઈતપાસી રોહિત કણસાગરાને મૃત જાહેર કર્યો હતો. જે ઘટનાથી પરિવારમાં ભારે કલ્પાંત સર્જાયોહતો. ઘટનાની જાણ કરાતા એડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ લાભુભાઈ જતાપરા તથા તેમના રાઈટર હોસ્પિટલ ખાતે દોડી ગયા હતાં. અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ત્રિકોણબાગ પાસે એસ.ટી બસની ઠોકરે ચડી જતા મહિલાનું મોત

- **એક પુત્રને ત્રણ પુત્રીએ માતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં કરુણ કલ્પાંત**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ત્રિકોણબાગ નજીક ચાલીને જતી ૪૫ વર્ષીય મહિલાને એસ.ટી. બસના ચાલકે અડફેટે લીધી હતી. તુરંત જ તેણીને ૧૦૮ મારફતે સિવિલમાં ખસેડતાં સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.



આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ લક્ષ્મીવાડી શેરી નં ૧૮ માં રહેતા ૪૫ વર્ષીય જ્યોતિબેન ગોપાલભાઈ સોલંકી ગત મંગળવારના રાત્રીના ૧૧ વાગ્યા આસપાસ પોતે ઘરેથી ચાલીને જાગનાથ સોસાયટીમાં આવેલ મેલડી માતાજીના મંદિરે જતા હતા. ત્યારે ત્રિકોણબાગ નજીક રોડ ક્રોસ કરતી વેળાએ પુરપાટ ઝડપે આવેલી એસ.ટી બસના ચાલકે મહિલાને ઠોકરે લેતાં તેણીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.અહીં હાજર રાહદારીઓ દ્વારા મહિલાને ૧૦૮ મારફતે તુરંત

સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. સારવાર દરમિયાન તેણીએ દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. ઘટના અંગે એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે મૃતકના પરિવારનું નિવેદન નોંધી એસ.ટી ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક જયોતિબેન મંગળવારે માતાજીના દર્શન કરવા ચાલીને જતાં તે દરમિયાન આ ઘટના બનાવ પામી હતી. તેણીને સંતાનમાં એક પુત્ર અને ૩ પુત્રી હોય જેણે માતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# દૂધ સાગર રોડ પર બાઈક હડફેટે સાયકલ ચાલકનું મોત

- **વૃધ્ધના મૃત્યુથી પરિવારમાં શોક; અજાણ્યા બાઈક ચાલકની ફરિયાદના આધારે શોધખોળ**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સામાંકાઠે સંતકબીર રોડ પર રાજારામ સોસાયટીમાં પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા બાઈકચાલકે સાયકલને ઠોકરે ચડાવતા વૃધ્ધનું ગંભીર ઈજા થતા મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસ અજાણ્યા બાઈકચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ દુધસાગર રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડ ક્વોટરમાં રહેતા હબીબખાન ઉસ્માનખાન પઠાણ (ઉ.વ.૭૨) નામના વૃધ્ધ તા.પના બપોરે પોતાની સાયકલ લઈ કુવાડવા રોડ પર આવેલી પટેલ વિહાર હોટલે જતા હતા દરમિયાન દુધની ડેરી પાછળ રાજારામ સોસાયટીમાં સાંદીપની સ્કુલ પાસે પહોંચતા પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા બાઈકચાલકે સાયકલને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં હબીબખાનને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન આજે મોત નીપજ્યું હતું. જ્યારે અજાણ્યો બાઈક ચાલક અકસ્માત સર્જી નાશી છૂટ્યો હતો. આ અંગે થોરાળા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી મૃતકના પુત્ર મજીદખાનની ફરિયાદ પરથી અજાણ્યા બાઈકચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. આ બનાવથી વૃધ્ધના પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.